સરકારી કુમાર છાત્રાલય (કોલેજ કક્ષા), રાજપીપળા, જિ.નર્મદા ખાતે છાત્રાલય બાંધકામ કરવા અંગેની વર્ષ ૨૦૧૯-૨૦ ની નવી બાબતને સુધારેલ વહીવટી મંજૂરી **આપવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:છતલ/૧૫૨૦૧૯/ન.બા.૩૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૦૯/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૩/૦૯/૨૦૧૯ નો સમાનાંકી ઠરાવ

(૨) નિયામકશ્રી (આ.વિ.)ની કચેરી, ગાંધીનગરનો તા.૧૫/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક:આ.વિ./છતલ/૦૨/ફા.નં./૨૦૨૧-૨૨/૧૪૬૩

(3) કલેકટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, નર્મદાનો તા.૧૧/૦૧/૨૦૨૨ નો અ.સ.પત્ર/ક્રમાંક/એડીએમ/વશી/૧૩૪/૨૦૨૨

(૪) માર્ગ અને મકાન વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૨ નો પત્ર ક્રમાંક:બીએલડી/૧૦/૨૦૨૨/૧૭૧/ન

**સુધારા ઠરાવ:-**

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક(૧) સામેના આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૩/૦૯/૨૦૧૯ ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય (કોલેજ કક્ષા), રાજપીપળા, જિ.નર્મદા ખાતે છાત્રાલય બાંધકામ કરવા માટે કુલ અંદાજીત ખર્ચ રૂ.૧૮૭.૨૫ લાખ (અંકે રૂપિયા એક કરોડ સત્યાસી લાખ પચીસ હજાર પૂરા) ની માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ સને ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. પરંતુ, કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજપીપળાના અભિપ્રાય અનુસાર ૧૦૦% વહીવટી મંજુરી ન મળવાના કારણે ટેન્ડરીંગ કરી શકાય તેમ ન હોઇ, ઉક્ત ઠરાવમાં સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઉક્ત તા.૨૩/૦૯/૨૦૧૯ ના ઠરાવના પેરા-૨ ના બદલે નીચે મુજબની જોગવાઇ કરવામાં આવે છે.

"પુખ્ત વિચારણાના અંતે સરકારી કુમાર છાત્રાલય (કોલેજ કક્ષા), રાજપીપળા, જિ.નર્મદા ખાતે છાત્રાલય બાંધકામ કરવા માટેના કુલ અંદાજીત ખર્ચ રૂ.૧૬૮૫.૨૫ લાખ (અંકે રૂપિયા સોળ કરોડ પંચાસી લાખ પચીસ હજાર પૂરા) ની માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ સને ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને વંચાણે લીધેલ ક્રમાંક(૧) સામેના આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૩/૦૯/૨૦૧૯ ના ઠરાવની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે."

આ ઉપરાંત આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૩/૦૯/૨૦૧૯ ના ઠરાવના ફકરા-૧ હેઠળની ૧૩ શરતો ઉપરાંત નીચેની શરતો ઉમેરવામાં આવે છે.

૧) સદરહુ બાબતે આ વિભાગના તા.૧૩/૦૭/૨૦૨૨ ના પત્ર ક્રમાંક: અનશ/૨૦૨૦૨૨/૨૨૧/ગ થી મંજૂર કરવામાં આવેલ ટાઇપ ડિઝાઇન (Type Design) અને Unit Cost સક્ષમ કક્ષાએ મંજૂર કરાવીને તે પ્રમાણે જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

૨) યુનિટ કોસ્ટની રકમ વહીવટી મંજૂરી આપવા માટેની છે. પરંતુ ટેન્ડર અંદાજીત રકમ કરતાં નીચું આવે તો નાણાકીય ફાળવણી વર્ક ઓર્ડર મુજબ જ કરવાની રહેશે. વર્ક ઓર્ડરની રકમથી વધુ રકમ અથવા વર્ક ઓર્ડરમાં સામેલ કોમ્પોનન્ટ સિવાયની વધુ બાબતો લેવાથી વધુ રકમનની અમલીકરણ એજન્સી(માર્ગ અને મકાન વિભાગ)ને જરૂરી જણાય તો નિયામકશ્રી(આ.વિ.) દ્વારા અત્રે દરખાસ્ત કરી મંજૂરી મેળવી લેવાની રહેશે અને મંજૂરી લીધા બાદ નિયામકશ્રી(આ.વિ.) વધારાની નાણાકીય ફાળવણી કરી શકશે.

3) વર્ક ઓર્ડરની રકમ પણ નિયામકશ્રી(આ.વિ.) દ્વારા બે તબક્કામાં અમલીકરણ એજન્સી(માર્ગ અને મકાન વિભાગ) ને કામની પ્રગતિના આધારે ફાળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર: ૪૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગેની મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૪૨-VKY-૫૧ બિલ્ડીંગ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક (૧) થી વંચાણે લીધેલ તા.૨૩/૦૯/૨૦૧૯ ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૫/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૯/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, નર્મદા.
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઓનલાઈન પ્રસિદ્ધ કરવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઈલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.